# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 28-01-2025 Day: Tuesday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **આરતી ભટ્ટ** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી-NCC વાર્ષિક રેલી:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ‘એક રાષ્ટ્ર એક ચૂંટણી’ હેઠળ દેશભરમાં એક સાથે ચૂંટણી યોજવા પર ભાર મૂકીને યુવાનોને આ મુદ્દે વિશદ ચર્ચા કરવા અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું કે, અલગ અલગ સમયે ચૂંટણીઓ યોજવાથી કાર્યોની ગતિ અને ઝડપમાં અવરોધ આવે છે.

ગઈકાલે નવી દિલ્હીમાં કરિયપ્પા મેદાન ખાતે નેશનલ કેડેટ કોર્પ્સ- NCC ની વાર્ષિક રેલીને સંબોધતા શ્રી મોદીએ રાષ્ટ્રનાં નિર્માણમાં યુવાનોની ભૂમિકાની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું કે, એનસીસી કેડેટ્સની સંખ્યા 2014માં 14 લાખ હતી, જે વધીને 20 લાખ થઈ છે.

પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, છેલ્લાં 10 વર્ષમાં યુવાનોએ દોઢ લાખથી વધુ સ્ટાર્ટઅપ શરૂ કર્યા છે અને તેઓ વિશ્વની ટોચની કંપનીઓની આગેવાની લઈ રહ્યા છે.

આ પ્રસંગે કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ સહિત અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

------------------------------------------------------------------------------------

## ઉત્તરાખંડ-UCC:

ઉત્તરાખંડમાં ગઈકાલથી સમાન નાગરિક ધારાનો અમલ શરૂ થયો છે. આ કાયદાનો અમલ કરનાર ઉત્તરાખંડ દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે. 2022ની વિધાનસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ યુસીસીનો અમલ કરવાનું વચન આપ્યું હતું. આ કાયદો તમામ નાગરિકોને સમાન અધિકારો આપે છે.

------------------------------------------------------------------------------------

## વકફ બીલ-ખરડાને મંજુરી:

સંયુક્ત સંસદીય સમિતિ-JPC એ વિવાદાસ્પદ વકફ સુધારા ખરડાને મંજૂરી આપી દીધી છે. સમિતિએ ભાજપની આગેવાની હેઠળના એનડીએ દ્વારા સૂચવવામાં આવેલા 14 સુધારાઓ પણ મંજૂર કર્યા હતા. દેશમાં કાર્યરત વક્ફ બોર્ડનાં વહીવટમાં સુધારા લાવવાના હેતુથી તૈયાર કરવામાં આવેલાં આ ખરડાને 10 વિરુધ્ધ 16 મતોથી પસાર કરવામાં આવ્યો હતો.

પત્રકારો સાથેની  મુલાકાતમાં JPC ના અધ્યક્ષ જગદંબિકા પાલે કહ્યું,  સંસદીય સમિતિની આ અંતિમ બેઠક હતી અને બહુમતીથી 14 સુધારાઓ પસાર કરવામાં આવ્યા છે. બજેટ સત્ર દરમિયાન વક્ફ (સુધારા) બિલ પર JPC પોતાનો અહેવાલ રજૂ કરશે. સંસદના શિયાળુ સત્ર દરમિયાન સમિતિનો કાર્યકાળ વધારવામાં આવ્યો હતો.

---

## ડાક ચૌપાલ-ભુજ:

ગણતંત્ર દિવસની ઉપલક્ષમાં કચ્છની 508 પોસ્ટ ઓફિસમાં રાષ્ટ્ર ધ્વજ ફરકાવવાની સાથે ડાક ચૌપાલનું આયોજન કરાયું હતું. ભુજ ખાતેની હેડ પોસ્ટ ઓફિસમાં પણ ડાક ચૌપાલનું આયોજન કરાયું હતું. ડાક નિરીક્ષક આર.એન. ખોજાએ વિવીધ યોજનાઓ અંગે માહિતી આપી હતી.  સુકન્યા સમૃદ્ધિ ખાતા,મહિલા સન્માન બચત પત્ર,ડાક જીવન વિમાના લાભાર્થીઓને ચેક અપાયા હતા.

પોસ્ટ વિભાગની વિવિધ સરકારી યોજનાઓનો મહતમ લાભ લેવા અપીલ કરવામાં આવી હતી. ડાક ચૌપાલના માધ્યમથી એક જ સ્થળે સરકારની વિવિધ યોજનાઓ અંગે લોકોને માહિતી મળી રહે અને તેનો લાભ પણ મેળવી શકે તે માટે વિવિધ પોસ્ટ ઓફિસમાં આયોજન કરાયું હતું.

---

## સ્થાનિક સ્વરાજ્ય ચુંટણી જાહેરનામું:

કચ્છમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંતર્ગત જિલ્લા કલેક્ટર અમિત અરોરા દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. કચ્છમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણી 16મી ફેબ્રુઆરીના મતદાન યોજાશે. ચૂંટણીઓ દરમ્યાન ચૂંટણી ઉમેદવાર, રાજકીય પક્ષો અથવા ઉમેદવારના કાર્યકરો સરકારી ગેસ્ટ હાઉસ, ભવનો, સદનો, સરકીટ હાઉસ, ડાક બંગલો, રેસ્ટ હાઉસ, સરકારના પબ્લિક સેક્ટર અન્ડરટેકીંગના કોઈ પણ પ્રકારના એકોમોડેશનનો ચૂંટણી પ્રચાર, સભા યોજવા, પ્રેસ કોન્ફરન્સ યોજવા માટે ઉપયોગ નહી કરી શકે તેવું જિલ્લા મેજીસ્ટ્રેટ અમિત અરોરાએ જાહેરનામું બહાર પાડ્યું છે.

આ જાહેરનામાનો અમલ 21મી ફેબ્રુઆરી સુધી કરવાનો રહેશે. જાહેરનામાના ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા-2023ની કલમ હેઠળ ગુન્હો દાખલ કરવામાં આવશે.

---------------------------------------------------------------------------------

## વાતાવરણ-ઠંડી

કચ્છમાં છેલ્લા કેટલાક દિવસોથી તાપમાનમાં વધારો થતાં કડકડતી ઠંડીમાંથી લોકોને રાહત મળી રહી છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, આગામી દિવસોમાં ઠંડીમાં ઉતાર-ચઢાવની સ્થિતિ જોવા મળી શકે છે.

નલિયામાં લઘુતમ તાપમાન 3 ડિગ્રીનો વધારો નોંધાતા 9.8 ડિગ્રી સુધી પહોંચ્યું છે, જ્યારે મહત્તમ તાપમાન 29.4 ડિગ્રી નોંધાયું છે. જિલ્લા મથક ભુજમાં લઘુતમ તાપમાન 16 ડિગ્રી અને મહત્તમ તાપમાન 29.5 ડિગ્રી નોંધાયું છે.

---------------------------------------------------------------------------------